# નેશનલ હાઈવે નં.૫૬ પર માંડવી ખાતે નવા બ્રિજનું ભૂમિપૂજન

ગાંધીનગર, તા. ૧૬
આજરોજ કેન્દ્રીય રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે, શીપીંગ, સરકાર રાજમાર્ગોનાં નિર્માણ પર ભાર મૂકી રહેલ છે. વર્ષ ૨૦૧૦-૧૪ દરમિયાન ચાર વર્ષમાં પ્રથમ ચરણમાં કુલ ૩૫૦૦૦ કિમી રસ્તાઓનું નિર્માણ રૂ ૫,૩૫,૦૦૦ કરોડ ખર્ચે કરવાની



કેમિકલ્સ અને ફર્ટીલાઈઝર્સ મંત્રી મનસુખભાઈ માંડવિયા સુરતના માંડવી ખાતે નેશનલ હાઈવે નં.૫૬ પર રૂ.૫૬ કરોડના ખર્ચે બનનાર બ્રિજનું ભુમિપુજન કર્યુ હતું.

આ પ્રસંગે સંબોધતા મંત્રીએ જણાવેલ કે દેશના વિકાસ માટે રાજમાર્ગોનું નિર્માણ કરવું અનિવાર્ય છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વવાળી યુપીએ સરકાર દ્વારા કુલ ૨૯,૩૦૦ કીમી રાજમાર્ગોના નિર્માણ માટે એવોર્ડ આપેલા. જ્યારે વર્તમાન સરકારનાં ચાર વર્ષમાં ૫૧,૦૭૩ કિમી રાજમાર્ગોના નિર્માણ માટે એવોર્ડ આપવામાં આવ્યા છે. નવા ભારતના નિર્માણ માટે દેશમાં રોડ કનેક્ટિવિટીને પ્રાધાન્ય આપતા સરકારે "ભારતમાલા" પ્રોજેક્ટ અમલમાં મુકેલ છે. જે અંતર્ગત યોજનાને મંજુરી આપેલ છે. ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ આગામી ૩ થી ૫ વર્ષ દરમિયાન હાથ ધરવા લાયક કામોમાં જુદા-જુદા ૫૭૫૧ કિમી લંબાઈના રાષ્ટ્રીય ધોરીમાર્ગોને તથા ૭ લોજીસ્ટીક પાર્કસને રૂ ૧,૦૨,૧૭૦ના ખર્ચે સૈદ્ધાંતિક રીતે મંજુર કરાયેલ છે. જે પૈકીનો પ્રથમ લોજીસ્ટીક પાર્ક સુરત ખાતે નિશ્ચિત કરાયેલ છે.

# દેરોલ પાસેથી ૫.૦૯ લાખના પોશડોડા પકડ્યા

## પોલીસે મુદ્દામાલ જપ્ત કરી દેધરોટાના બે શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો

હિંમતનગર, તા. ૧૬
હિંમતનગર વિજાપુર હાઈવે પર સાબરમતી નદી નજીક આવેલ એક ગાર્ડન નજીકથી અંદાજે રૂપિયા ૫.૦૯ લાખના ડોડાનો જથ્થો ઝડપી લઈને દેટરોટાના બે શખ્સો વિરુદ્ધ શુક્રવારે મોડી સાંજે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે એએસપી અને ઈન્ચાર્જ પ્રેમસુદન ડેલુના જણાવ્યા મુજબ શુક્રવારે હિંમતનગર વિજાપુર હાઈવે પર થઈને નશામાં વપરાતા પોશડોડાનો જથ્થો એક વાહનમાં ભરીને લઈ જવાઈ રહ્યો છે તેવી બાતમી મળતાં ગ્રામ્ય પોલીસ સ્ટેશનના સ્ટાફે હિંમતનગર વિજાપુર હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન પીકપ ડાલુ પસાર થઈ રહ્યું હતું ત્યારે તે શંકાસ્પદ જણાતા દેરોલ પાસે આવેલ બગીચા નજીક તેને ઉભી રખાવી તપાસ કરતા તેમાંથી ખાસ પરમીટ વિનાના રૂપિયા પાંચ ૫.૦૯ લાખના અફીણના ડોડા મળી આવ્યા હતા. જે આધારે પોલીસે પિકઅપ ડાલાને અટકાવી તેમાંથી પોશડોડાનો અંદાજે ૫.૦૯ લાખના ડોડાના જથ્થો જપ્ત કરી હિંમતનગર તાલુકાના દેધરોટા ગામના આદિવાસી ગુલાબસિંહ ઝાલા તથા વિોદસિંહ લલિતસિંહ ઝાલાની તથા પીકઅપ ડાલાના ચાલક માવાભાઈ ચમનાજી ચૌધરીની પૂછપરછ કરતાં તેમણે કોઈ પાસ પરમીટ રજૂ કર્યા ન હતા. જેથી પોલીસે અંદાજે ૨૫૪ કિલો પોશડોડા તથા રૂ. ૨ લાખના પીકઅપ ડાલાને પકડી લઈ તેમની વિરુદ્ધ શુક્રવારે મોડી રાત્રે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ભૂતકાળમાં રાજસ્થાનથી સાબરકાંઠા જિલ્લામાં ચરસ અફીણ ગાંજો તથા અન્ય નશીલા પદાર્થો ગુજરાતમાં ઘુસાડેલ થયાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા બાદ આ તત્વો સ્વામી તત્કાલીન સમયે જે-તે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હોવા છતાં તેમાં પકડાયેલા શખ્સોને બહુ મોટી સજા કે દંડ થયો નથી ત્યારે તંત્રએ કાયદાની છટકબારીઓ બંધ કરીને કાયદાનો કડક અમલ કરવો જોઈએ તેમ પ્રજા ઈચ્છી રહી છે.

# હિંમતનગરથી દારૂ ભરી જઈ રહેલ કાર પ્રાંતિજના સદોલીયા પાસેથી પકડાઈ

હિંમતનગર, તા. ૧૬
રાજસ્થાનથી ગુજરાતમાં રોજ-બરોજ લાખો રૂપિયાનો દારૂ ખાસ પરમીટ વિનાનો ઘુસાડાઈ રહ્યો છે. ત્યારે શુક્રવારે રાત્રે રાજસ્થાનથી હિંમતનગર થઈ કારમાં રૂપિયા ૮૧૫૯૯ ભરેલી કાર ભાગી જતાં એલસીબીએ આ કારને પ્રાંતિજ નાંદોલીયા નજીકથી ઝડપી લઈ ચાર જણા વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ શુક્રવારે રાત્રે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાંથી એક કારમાં દારૂ લઈ જવાતો હોવાની બાતમી એલસીબીને મળતા વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન રાજસ્થાનથી શામળાજી થઈ હિંમતનગર આવી રહેલ કાર નંબર જીજે.૦૧.કેએસ. ૦૨૭૦ને તપાસ માટે ઉભી રાખવાની કોશિશ કરવા છતાં કારનો ચાલક ઊભો રહ્યો ન હતો.

જેથી એલસીબી સ્ટાફે તરત જ તેનો પીછો કરી આ કારને પ્રાંતિજના સદોલીયા નજીકથી ઝડપી લીધી હતી અને તેમાં તપાસ કરતા તેમાંથી વિદેશીદારૂની પરમીટ વિનાની રુપિયા ૮૧ હજાર પાંચસો કિંમતની ૧૬૩થી વધુ બોટલો મળી આવી હતી. ત્યારબાદ પોલીસે કારમાં જઈ રહેલા અમદાવાદના મેહુલકુમાર નંદકિશોર ત્રિવેદી, રાજુ વાઘરી, અરવિંદભાઈ ગોસ્વામી તથા રાજસ્થાનના ભાવેશભાઈની અટકાયત કરી તેમની વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં એલસીબી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.



શ્રી ડી.એન.ત્રિવેદી વાત્રક વિદ્યા વિહાર, પીપરાણા હાઈસ્કૂલમાં શાળા પ્રવેશોત્સ્વ અને કન્યા કેળવણી મહોત્સવ-૨૦૧૮ નીમીત્તે ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું અને ગાયત્રી યજ્ઞ બાદ મહાપ્રસાદ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. પ્રવીણ ડામોર, સીઆરસી રમેશ પ્રજાપતિ, મંડળના પ્રમુખ સુરેન્દ્રસિંહ રાઠોડ, મંત્રી અમરીશ પંડ્યા અને મંડળના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. શાળા પ્રવેશોત્સવમાં પીપરાણા પ્રાથમિક શાળા, વાવડીબારા પ્રાથમિક શાળા, પીપરાણાના મુવાડા પ્રાથમિક શાળા અને આંગણવાડીના બાળકોને પ્રવેશ આપાયો હતો.

# હિંમતનગરમાં મહિલા પર વહેમ રાખી માર મારતા પાંચ વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૬
હિંમતનગરના પોલો ગ્રાઉન્ડ તથા ભોલેશ્વર વિસ્તારમાં રહેતી એક મહિલાને વીસ દિવસ અગાઉ પાંચ જણાએ મહિલાના ચારિત્ર્ય પર વહેમ રાખી મહિલા સહિત ત્રણ જણાને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ શુક્રવારે હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે નિશાબેન ભવરસિંહ પરમારે નોંધાવેલી ફરિયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૧૪-૫-૨૦૧૮થી તા. ૨૫-૫-૨૦૧૮ દરમિયાન મહાવીરનગરમાં રહેતા હર્ષ સુરેશભાઈ કનોજીયા, વિનિતાબેન સુરેશભાઈ કનોજીયા, સુરેશભાઈ કનોજીયા, ગીતાબેનની જેઠાણી તથા સુરેન્દ્રકુમાર ઉર્ફે પપ્પુ ધોબી રાજુભાઈ કનોજીયા દ્વારા નિશાબેનના ચારીત્ર પર ખોટો વહેમ રાખી તેને તથા નીરૂબેન અને મયુર રાજને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી તથા સુરેશકુમાર મારી પત્ની તથા છોકરા વિરુદ્ધ ફરિયાદ કરીશ તો જાનથી મારી નાખીશ તેમ કહેતાં નિશાબેને ૨૦ દિવસ બાદ પાંચેય જણા વિરૂદ્ધ શુક્રવારે હિંમતનગર બી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# મોડાસાના બોલુંદરા ગામે શ્રી કૃષ્ણાશ્રમના પ.પૂ. અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર વ્યાસ બ્રહ્મલીન

## મોટા જનસમુદાયની ઉપસ્થિતિમાં તેમના પાર્થિવદેહના અંતિમ સંસ્કાર કરાયા

મોડાસા, તા. ૧૬
અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના બોલુંદરા શ્રી કૃષ્ણાશ્રમના પ.પૂ. અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર વ્યાસ શનિવારે સવારે બ્રહ્મલીન થયા છે. મોટા જનસમુદાયની ઉપસ્થિતિમાં તેમના પાર્થિવદેહના નડીઆદ ખાતે અંતિમ સંસ્કાર કરાયા હતા. તેઓ ૯૨ વર્ષના હતા.

સમગ્ર દેશમાં ચાર સ્થળોએ આવેલ યજ્ઞશાળાઓ પૈકીની ગુજરાતમાં આવેલ બે યજ્ઞશાળાઓમાંની એક મોડાસા તાલુકામાં બોલુંદરા ગામે મેશ્વો નદીના પાવન કાંઠે આવેલ આ શ્રી કૃષ્ણાશ્રમના પ.પૂ. અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ ગૌરીશંકર વ્યાસ બ્રહ્મલીન થતા સમગ્ર અરવલ્લી-સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાત અને નડીઆદ પંથકના ધર્મપ્રેમીજનોએ એક વિદ્વાન જ્યોતિષાચાર્ય અગ્નિહોત્રીની ખોટ પડી છે. તેઓ



બોલુંદરાકૃષ્ણાશ્રમ ઉપરાંત નડીઆદ ખાતે રહીને અનેક સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

દેશ-વિદેશના લોકોપણ પૂજ્ય શ્રી અગ્નિહોત્રી શુકદેવપ્રસાદ વ્યાસ મહારાજના જ્યોતિષ અંગેના માર્ગદર્શન અને ધાર્મિક કાર્યો માટે મળવા આવતા હતા. તેમણે બોલુંદરા ગામે શ્રી કૃષ્ણાશ્રમ ખાતે વર્ષોથી વિસ્તારના ગરીબ જરૂરિયાત મંદો માટે શરૂ કરેલ અન્નક્ષેત્ર અને આગામી પેઢીને સંસ્કૃતનો વિદ્યાભ્યાસ દ્વારા સંસ્કૃતિ જીવંત રહે તેવા શુભાશયથી આ આશ્રમમાં છેલ્લા વર્ષથી સંસ્કૃત પાઠશાળા પણ આશ્રમના પાંચમા ગાદીપતિ અગ્નિહોત્રી પૂ. આત્રેયભાઈ વ્યાસના સાનિધ્યે હાલ પણ કાર્યરત છે જેમાં સંસ્કૃત પાઠશાળાનો બહોળો લાભ પંથક અને રાજ્યભરના છાત્રો લઈ રહ્યા છે. પૂજ્યશ્રીના જમીનદાન થકી ગામમાં માધ્યમિક શાળાનું નિર્માણ થયું છે. આમ ધાર્મિક ઉપરાંત સામાજિક, શૈક્ષિણીક સેવા પ્રવૃતિઓ સાથે પણ તેઓ સંકળાયેલા રહ્યા હતા.

# હિંમતનગર-ઇડર હાઇવે પર ટ્રકચાલક પાસેથી બળજબરીપૂર્વક ૧૦ હજાર પડાવી લેતા ચાર વિરુદ્ધ ફરિયાદ

હિંમતનગર. તા.૧૬
હિંમતનગર ઈડર હાઈવે પર આવેલ એક હોટલ નજીક રાજસ્થાન પાસિંગની ટ્રકને ગુરુવારે કારમાં આવેલ કારચાલક તથા અન્ય ત્રણ શખ્સોએ એન્ટ્રીના બહાને તેની પાસેથી કાગળો બળજબરીપુર્વક લઈ લીધા બાદ રૂપિયા ૧૦,૦૦૦ પડાવી લેતા ટ્રકચાલકે ચારેય શખ્સો વિરુદ્ધ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત તારીખ ૧૪ જૂનના રોજ રાજસ્થાનથી ટ્રક લઈને ભીમસિંહ મોહનસિંહ રાજપૂત હિંમતનગર ઈડર હાઈવે પર આવેલ સર્વોદય હોટલ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અચાનક કાર નંબર જીજે.૦૨.સીએ.૪૯૩૮ના ચાલક મકરાણી સોહિલ અજીજખાન (રહે. પાણપુર પાટીયા, હિંમતનગર) તથા અન્ય ત્રણ અજાણ્યા શખ્સોએ ટ્રકચાલકને એવું કહ્યું હતુ કે એન્ટ્રી પેટે રૂપિયા ૧૦,૦૦૦ આપવા પડશે તેમ કહી ટ્રક ડીટેઈન કરવાની ધમકી આપી હતી તથા ટ્રકના સાધનિક કાગળો ટ્રક ચાલક પાસેથી પડાવી લીધા હતા. અને કારમાં આવેલા આ ચારેય શખ્સોએ ટ્રક ચાલક પાસેથી બળજબરીપૂર્વક રૂપિયા ૧૦,૦૦૦ કઢાવી લઈ તેઓ ભાગી ગયા હતા. ત્યારબાદ રાજસ્થાનના ટ્રકચાલક ભીમસિંહ રાજપૂતે તરત જ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અને એસપી પ્રેમસુખ ડેલુનો સંપર્ક સંપર્ક કરી ચારે જણા વિરુદ્ધ શુક્રવારે ફરિયાદ નોંધાવી હતી. ઉલ્લેખનીય છેકે હિંમતનગર સ્થિત આરટીઓ કચેરીના કેટલાક અધિકારીઓ વચેટિયાઓને સાથે રાખી વાહનચાલકોને તેમના વાહન ડિટેઈન કરવાની ધમકી આપી મનફાવે તે પ્રમાણે નાણાં પડાવતા હોવાની ચર્ચા જ જગજાહેર ચાલે છે. ત્યારે આ બાબતે જો ઉચ્ચકક્ષાએથી વિજિલન્સ મારફતે તપાસ કરવામાં આવે તો આરટીઓ કચેરીમાં ફરજ બજાવતાં અને અધિકારીઓના કરતૂતનો ફૂટે તેમ છે તથા તેમણે ભેગી કરેલી બેનામી સંપત્તિ પણ જાહેર થઈ શકે તેમ છે.

# ડો.બત્રાઝ દ્વારા સૌપ્રથમવાર જેનોહોમિયોપેથી થેરાપી લોંચ

હોમિયોપેથીના ક્ષેત્રમાં વૈશ્વિક સ્તરે છેલ્લા ચાર દાયકામાં પોતાની આગવી ઓળખ અને સીમાચિહ્ન કંડારનાર ડો. બત્રાઝની ટીમ દ્વારા આજે ભારતમાં સૌપ્રથમવાર અને ક્રાંતિકારી જીનેટીક્સ આધારિત એટલે કે, જેનોહોમિયોપેથી લોન્ચ કરી દર્દીલક્ષી ઉપચાર અને સારવારમાં અનોખી ક્રાંતિ સર્જી છે. ડો.બત્રાઝ હેલ્થકેરના વાઈસ ચેરમેન અને એમડી ડો.અક્ષય બત્રા અને ડો.બત્રાઝ કલીનીકના સ્થાનિક વડા ડો.હરેશ દાણી દ્વારા આજે અમદાવાદમાં જેનોહોમિયોપેથી લોન્ચ કરી હતી અને તેની મહત્વતા સમજાવતાં જણાવ્યું હતું કે, જેનોહોમિયોપેથીના લીધે હવે દર્દીઓને ભવિષ્યમાં થનારી બિમારીઓ અને તકલીફો વિશે પણ એડવાન્સમાં જાણી શકાશે અને તે દિશામાં તેમનું નિદાન અને સારવાર શકય બનશે. આ એક ઐતિહાસિક કહી શકાય તેવી સિધ્ધિ છે. જેમાં દર્દીઓને તંદુરસ્ત, સુખી અને આરોગ્યપ્રદ જીવન જીવવાનો ઉપાય મળી રહેશે. જેનોહોમિયોપેથી વિશે ઉંડી સમજ આપતાં ડો.બત્રાઝ હેલ્થકેરના વાઈસ ચેરમેન અને એમડી ડો.અક્ષય બત્રાએ વધુમાં જણાવ્યું હતું કે, જિનોહોમિયોપેથી એ વંશગત અથવા તો વારસાગત દર્દો અથવા બિમારીઓની હોમિયોપેથી સારવાર અને નિદાન છે. જેમાં જીનેટીક્સ અને હોમિયોપેથીની સંયુકત સારવાર કરાય છે. લગભગ ચાર વર્ષ સુધી જીનેટીક્સના નિષ્ણાતો દ્વારા ઉંડા રિસર્ચ અને ડેવલપમેન્ટ બાદ આ ક્રાંતિકારી થેરાપી હવે અમલમાં આવી શકી છે. જેનોહોમિયોપેથીમાં દર્દીના થુંક(લાળ)નો સૌપ્રથમ ટેસ્ટ કરવામાં આવતો હોય છે, જેનો રિપોર્ટ બે સપ્તાહમાં આવે છે, જેમાં જીનેટીક્સ તત્વોની સ્પષ્ટતા થઈ જાય છે અને તેનામાં કયાં જીન્સ છે તેની જાણકારી પ્રાપ્ત થયા બાદ તેના દર્દ અથવા બિમારી અનુસંધાનમાં ચોક્કસ અને પરિણામલક્ષી સારવાર અપાય છે. ડો. અક્ષય બત્રાએ કે, જેનોહોમિયોપેથી પરીક્ષણો ઔષધિના ક્ષેત્રમાં નિષ્ણાત તબીબો અને કન્સલ્ટન્ટોના સહયોગમાં ડો.બત્રાઝની ટીમ દ્વારા એલર્જી, બાળકોનું આરોગ્ય, વાળ ખરવા, પ્રતિબંધાત્મક આરોગ્ય(પુરૂષ,સ્ત્રી, બાળક), ત્વચાના વિકારો, તાણ, વજનની માવજત, સ્ત્રીનું આરોગ્ય, જાતીય આરોગ્ય સહિતના વિવિધ વિષયોને લઈ અંદાજે ૧૫ લાખ દર્દીઓનો ઉપચાર-સારવાર કરવાના વ્યાપક અનુભવ પર આધારિત સમગ્ર પધ્ધતિ તૈયાર કરાઈ છે. જેનેટીક પરિક્ષણ સાથે દર્દીઓને હવે પીડારહિત, ચોક્કસ, પરિણામલક્ષી અને વ્યકિતગત સારવાર પ્રાપ્ય બનશે.

# સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ જામ્યો : ગરમીથી રાહત

અમદાવાદ, તા.૧૬
દક્ષિણ ગુજરાત અને આસપાસના વિસ્તારોમાં અપર એયર સાઈક્લોનિક સર્ક્યુલેશનની સ્થિતિ સર્જાઈ ગયા બાદ આજે તેની અસર જોવા મળી હતી. સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. જે વિસ્તારમાં આજે વરસાદના ઝાપટા પડ્યા હતા તેમાં કેશોદ, જુનાગઢ, અમરેલી, રાજુલા, ગોંડલ પંથક, ભાવનગરનો સમાવેશ થાય છે. વરસાદના લીધે ઠંડકનો માહોલ પણ છવાયો હતો. રાજકોટમાં આજે સવારથી વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. રાજકોટમાં અમીછાંટણા થયા હોવાના અહેવાલ મળ્યા છે. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે વરસાદમાં હજુ કેટલાક દિવસનો સમય લાગી શકે છે. સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં બફારાએ લોકોને હેરાન કરી નાખ્યા છે. આજે કેશોદ, જુનાગઢ સહિતના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડતા રાહત થઈ હતી. હવામાન વિભાગ તરફથી જણાવવામાં આવ્યું છે કે આગામી પાંચ દિવસ દરમ્યાન હળવા વરસાદી ઝાપટા પડી શકે છે. જોકે મોનસૂન બેસવાને લઈને હજુ સુધી તંત્ર તરફથી કોઈ વાત કરવામાં આવી નથી. સામાન્ય રીતે ચોમાસુ ૧૫મી જૂન સુધી ગુજરાતમાં બેસી જાય છે પરંતુ આ વખતે તેમાં વિલંબ થયો છે. આગામી પાંચ દિવસ સુધી અમદાવાદમાં વરસાદ નહીં પડે તેવી શકયતા છે. આજે અમદાવાદમાં તીવ્ર પવન ફુંકાયો હતો. ધુળની ડમરીઓ પણ ઉડી હતી. મુંબઈમાં અને મહારાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં મોનસૂનની એન્ટ્રી થઈ છે પરંતુ મોનસુન મુંબઈથી આગળ વધી શક્યું નથી. આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો થયો હતો અને મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી અમદાવાદમાં રહ્યું હતું. આજે મોટા ભાગના વિસ્તારોમાં પારો ૪૦થી નીચે રહ્યો હતો. આંશિક વાદળછાયું વાતાવરણ અને પવનના પરિણામ સ્વરૂપે કાળઝાળ ગરમીથી લોકોને હવે રાહત મળી છે. આવતીકાલે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૧ની આસપાસ રહી શકે છે.

# ગુજરાતી સિનેમા ઉદ્યોગમાં સમાજને રાહ ચીંધતુ સૌપ્રથમ નિર્દોષ મુવી-સેક્સ એજ્યુકેશન

ગુજરાતી સિનેમા ક્ષેત્રે એક ઐતિહાસિક કહી શકાય તેવુ સમાજને પ્રેરણા આપતું, અધ્યાધુનિક, મુક્ત વિચારો અને સેક્સ સંબંધિત મુંઝવતા પ્રશ્નોને વાચા આપતું મુવી એટલે... સેક્સ એજ્યુકેશન. પ્રશ્નોત્તરી સ્વરૂપે શિક્ષક-વિદ્યાર્થીના સવાલ-જવાબને આબેહૂબ રીતે રજુ કરતુ, વલ્ગારિટી વગરનું, સમાજમાં સેક્સ સંદર્ભે જાગ્રતતા કેળવતુ, ગર્ભનિરોધક માહિતીના ફાયદા-નુકશાન સમજાવતુ, સેન્સર બોર્ડની પેનલ જ્યુરીએ જેને 'વેરી નાઈસ મેકિંગ' તરીકે જણાવી મેજર કટ વગર 'એ' સર્ટિફિકેટ આપેલ છે, તે ગુજરાતી ફિલ્મ સેક્સ એજ્યુકેશન વડીલોએ, પેરેન્ટસે અચુક એક વખત નિહાળી પોતાના બાળકોમાં જાગ્રતતા કેળવવા માર્ગદર્શક બની રહેશે.

સંગીત ફિલ્મ સ્ટુડિયોના બેનર તળે પ્રણવ પટેલ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મના નિર્માતા કિશોર જાંગીડ અને દીપક જાંગીડ છે. જે સમગ્ર ગુજરાતના સિનેમાઘરોમાં ૨૨ જુનના રોજ રજુ થઈ રહેલ છે. પ્રણવ પટેલ અને પ્રોડ્યુસર કિશોર જાંગીડના જણાવ્યા મુજબ આ ફિલ્મ દરેક પેરેન્ટસે ક્ષોભ સંકોચ વગર એક વખત જરૂર નિહાળવી જોઈએ. વયસ્ક થઈ રહેલા બાળકોની આંતરીક સમસ્યાનો ઉકેલ તેમને અહીંથી મળી જ જશે. બાળકો ગેરમાર્ગે દોરાતાં અટકી જશે. તેમનામાં જાગ્રતતા કેળવાશે.

સ્ક્રીપ્ટ રાઈટર અને ડિરેક્ટર પ્રણવ પટેલ તેમજ લાઈન પ્રોડ્યુસર હિંમતભાઈ વાસદડિયા અને સુશીલ નેટલેકર કહે છે કે લોકો મોર્ડન તો થયા છે, પરંતુ બાળકોને જાતીયતા સંદર્ભે પુરતી માહિતી આપી શકતા નથી. પરિણામે બાળકોમાં સેક્સની અધુરી સમજણ ભુલો કરાવી નાંખે છે. આટલુ જ નહિ, શાળામાં સેક્સ એજ્યુકેશન સબ્જેક્ટ નથી, શિક્ષકો પણ આ સંદર્ભે પુરતુ જ્ઞાન પિરસતા નથી. અને એ જરૂરિયાત પરિપૂર્ણ કરવા તૈયાર થઈ ગઈ છે ગુજરાતી ફિલ્મ - સેક્સ એજ્યુકેશન.

## ધાબાની સફાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
છે. જેમાં શહેરમાં પાણીનો ભરાવો થતો હોય તેવા સ્થળેથી પાણીનો ઝડપથી નિકાલ થાય તેમજ શહેરમાં સ્થિત સંખ્યાબંધ સરકારી આવાસોના ધાબે વરસાદી પાણીનો ભરાવો ન થાય તે માટે ધાબા સફાઈની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરાકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકની દ્રષ્ટીએ જોખમી છે. જયારે કંગાળ ભાસતા બંધ આવાસો પણ ગંદકી સહીત અનેક દુષણો માટે અડ્ડા સમાન બન્યા છે. આવા સંજોગોમાં વરસાદી દીવસો દરમિયાન રોગચાળો જોર ન પકડે તેમજ વરસાદી પાણીનો ભરાવો ન થાય અને મચ્છર ઉત્તપત્તિ સ્થાનોને ડામી શકાય તે માટે સરકારી આવાસોના ધાબાની સફાઈ પણ હાથ ધરવામાં આવી છે.સરકારી આવાસોના ધાબે વરસાદી પાણીનો ભરાવો થતા મચ્છરોના પોરા થતા રોગચાળો જોર પકડે છે. જેને અનુલક્ષી તંત્ર દ્વારા સરકારી રહેણાકમાં ધાબાની સફાઈ માટે કામગીરી હાથ ધરાઈ છે.જેમાં પાણીના નિકાલની લાઈનની સફાઈ કરવામાં આવી રહી છે.જેથી ધાબા પર વરસાદી પાણીનો ભરાવો થતો અટકાવી શકાય

## કોર્ટ બિલ્ડીંગ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**
વકીલો માટે હંગામી ધોરણે કોર્ટ સંકુલ બહાર બેઠક વ્યવસ્થા ગોઠવવા માટે શેડ બનાવવાનુ કામ પણ શરૂ કરી દેવાયુ હતુ. પરંતુ આ યોજનાની કામગીરીને અનુલક્ષી આખરે અધ્યતન કોર્ટ સંકુલના નિર્માણ માટે આખરે નવી જગ્યા પર નવુ બિલ્ડીંગ બાંધવામાં આવે તેવી વિચારણા પણ પ્રબળ બની છે. ત્યારે હાલ આ કાર્ટ બિલ્ડીંગની કામગીરીનુ આયોજન પડતુ મુકાયુ છે. જયારે વકીલો માટે નિર્માણ કરાયેલા નવા બેઠક શેડનુ કામ પણ અટકાવી દેવાયુ છે.ટુંકમાં જ શેડ તોડવાની કામગીરી પણ પુર્ણ કરી દેવાશે. જયારે અદ્યતન કોર્ટ બિલ્ડીગ બાંધવા માટે જગ્યા ફાળવવા સહીતના મામલે પણ તંત્ર દ્વારા સંબંધિત વિભાગને જાણ કરી દેવામાં આવી છે.

## ડ્યુટી વધારી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
ભારતે ૮૦૦ સીસીથી વધુ ક્ષમતાવાળ બાઈક, ચોક્કસ પ્રકારની ફળ ફળાદી, બદામ સહિત ૩૦ પ્રોડક્ટ પર ડ્યુટી વધારવાનો નિર્ણય કર્યો છે. અમેરિકાએ ભારત તરફથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત ઉપર ડ્યુટી વધારવાના જવાબમાં આ કાર્યવાહી કરી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે અમેરિકા તરફથી ભારતથી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ડ્યુટી વધારવાના જવાબમાં આ કાર્યવાહી કરી છે. નવા ચુકાદા મુજબ જ્યારે અમેરિકાથી આયાત થનાર ૮૦૦ સીસીથી વધારે બાઈક પર ૫૦ ટકા ડ્યુટી લાગશે. જ્યારે બદામ પર ૨૦ ટકા, મગફળી પર ૨૦ ટકા, સફરજન પર ૨૫ ટકા ડ્યુટી લાગુ થશે. સમગ્ર મામલાની માહિતી ધરાવનાર એક અધિકારીએ કહ્યું છે કે આ પ્રથમ વખત છે જ્યારે ભારતે અમેરિકાની સામે જવાબી કાર્યવાહી કરીને આયાત ઉપર ડ્યુટીમાં વધારો કર્યો છે. ભારત તરફથી વધારવામાં આવેલી ડ્યુટી ૨૧મી જુનથી અમલી બનશે. ભારતને અંદાજ છે કે આ વધારવામાં આવેલી ડ્યુટીથી ૨૩૮.૦૯ મિલિયન અમેરિકી ડોલરનો ફાયદો થશે. ભારતે સુધારવામાં આવેલી ૩૦ ચીજવસ્તુઓની યાદી ડબલ્યુટીઓને સોંપી દીધી છે. આ ચીજવસ્તુઓ પર કસ્ટમ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે. અમેરિકાએ ચોક્કસ પ્રકારના સ્ટીલ અને એલ્યુમિનિયમ પ્રોડક્ટ ઉપર ડ્યુટમાં વધારો કર્યા બાદ ભારતે આ નિર્ણય કર્યો છે. અમેરિકાને ચોક્કસ પ્રકારના સ્ટીલ અને એલ્યુમિનિયમની વસ્તુઓ જે ભારતમાંથી આવે છે તેના ઉપર ડ્યુટીમાં વધારો કરવાથી ૨૪૧ મિલિયન ડોલર મળનાર છે. આવી સ્થિતિમાં ભારતે પણ આ નિર્ણય કર્યો છે. અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટ્રેડ વોર વચ્ચે હવે આ નવી સ્થિતિ સર્જાઈ છે. અગાઉ મે મહિનામાં ભારતે ચોક્કસ પ્રકારની મોટરસાયકલ જેવી ૨૦ પ્રોડક્ટ ઉપર ૧૦૦ ટકા સુધી વધારો કર્યો હતો. આ વસ્તુઓ પર ડ્યુટીમાં કરવામાં આવનાર વધુ વધારો ૧૦ ટકાથી ૧૦૦ ટકા સુધી રહેશે. નવમી માર્ચના દિવસે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત કરવામાં આવતી સ્ટીલ અને એલ્યુમિનિયમની ચીજવસ્તુઓ પર જંગી ટેરીફ લાગુ કરવાનો નિર્ણય કર્યો હતો.

## ઝંડા ફરક્યા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**
જવાન શહીદ થયા હતા. બીજી બાજુ અરણીયા સેકટરમાં શનિવારે વહેલી પરોઢે ચાર વાગે ઈદના પ્રસંગે પાકિસ્તાન તરફથી નાપાક હરકત કરવામાં આવી હતી. બીએસએફએ પણ જવાબી કાર્યવાહી કરી હતી. પાકિસ્તાન તરફથી સતત યુદ્ધવિરામનો ભંગ કરી ગોળીબારનો સીલસીલો જારી રહ્યો છે. અટારી અને વાઘા સરહદ ઉપર હાલના ગોળીબારની અસર જોવા મળી હતી. બીએસએફના જવાનો અને પાકિસ્તાની જવાનો વચ્ચે મીઠાઈઓની આપ-લે કરવામાં આવી ન હતી. રમઝાન બાદ ઓપરેશનને લઈને હજુ સુધી કોઈ નિર્ણય કરાયો નથી. ગૃહમંત્રાલયના સુત્રોનું કહેવું છે કે, અમરનાથ યાત્રા દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પગલા લેવાઈ રહ્યા છે. એવા અહેવાલ મળ્યા છે કે, અમરનાથ યાત્રા દરમિયાન દહેશત ફેલાવવાના હેતુથી ત્રાસવાદીઓ શ્રદ્ધાળુઓ અને સુરક્ષા દળો ઉપર બોંબથી હુમલા કરી શકે છે.રમઝાનના યુદ્ધવિરામના ગાળા દરમિયાન ત્રણ ડઝનથી વધુ લોકોને ત્રાસવાદીઓ મોતને ઘાટ ઉતારી ચુક્યા છે. શ્રીનગરમાં જુદી જુદી જગ્યાઓએ ૧૮ ગ્રેનેડો ઝીંકવામાં આવ્યા છે જેમાં ૨૪થી વધુ લોકોના મોત થયા છે. આ વર્ષે જાન્યુઆરીથી હજુ સુધી ૧૪૩ લોકોના મોત થયા છે. જેમાં ૩૭ નાગરિકોનો સમાવેશ થાય છે. ૩૩ સુરક્ષા જવાનો પણ શહીદ થયા છે. ૧૪૩ પૈકી ત્રણ ડઝન લોકોના મોત રમઝાન દરમિયાન થયા છે . સરહદે પાકિસ્તાને નાપાક હરકત જારી રાખી છે. પાકિસ્તાન તરફથી અવિરતપણે સરહદ ઉપર ગોળીબાર કરવામાં આવી રહ્યો છે. બીજી બાજુ આતંકવાદીઓ દ્વારા ઘુસણખોરી પણ સતત કરવામાં આવી રહી છે. પ્રયાસો છતાં સીઆરપીએફના એક હેડકોન્સ્ટેબલ, જમ્મુ-કાશ્મીર પોલીસના એસએચઓ સહિત કુલ પાંચ લોકો ઘાયલ થયા હતા.